



# ખુદાની પોટલી

મિયાં ફુસકી પહેલાવહેલા રાજપરમાં આવ્યા અને ઠાકોરે મિયાંને નોકરીમાં રાખ્યા. રહેવા માટે ઘર જોઈએ. દલાશેઠનું ઘર ભાડે રાખ્યું. આ ઘરમાં આનંદથી રહેવા લાગ્યા. ફુસકી મિયાં રહે છે એ ઘર અને દલાશેઠ રહે છે એ ઘર વચ્ચે એક જ ભીંત હતી. આ બાજુ બોલે એ બીજી બાજુ સંભળાય.

એક રાતની વાત. એ વાત સાંભળીને દલાશેઠ રાજી રાજી થઈ ગયા. શેઠાણી દલાશેઠને ઘણી વાર કહેતાં કે એ ફુસકી મિયાંને બિચારાને બોલાવતા નથી અને વાતેય કરતા નથી. પાડોશી સાથે તો હળવું-મળવું જોઈએ. મિયાં ઘણા મજાના માણસ છે.

દલાશેઠ કહેતા : ‘એવા મુફલિસ અને બેવકૂફ માણસો જોડે બોલવાથી કશો લાભ થાય નહીં. ગરીબ માણસ છે એટલે તેની પાસેથી તો કદી એક પાઈ પણ મળવાની નહીં. ઓળખાણ વધારીએ એટલે કોઈ દિવસ ઉછીનો પૈસો માગે. એમાં લાભ શો? બીજું કે તે દેખાય છે જ મૂરખા જેવો. મૂરખા જોડે ઓળખાણ વધારીએ તો મૂરખાઈ મળે. માટે લાભ વિના નકામી વાત વધારવી નહીં.’

લાભ વિના દલાશેઠ ભગવાનને પણ સંભારે એવા નથી. ભગવાનને જો રૂપિયાની જરૂર પડે અને દલાશેઠ પાસે માગવા આવે તો બમણું વ્યાજ લે એવા છે. કેટલાક દિવસ વીતી ગયા.



તભા ભટને અને ફુસકી મિયાંને પાકી ભાઈબંધી થઈ ગઈ. તભા ભટ સાચા માણસ છે. એવા જ ભલા અને ભોળા ફુસકી મિયાં છે. જેવાને તેવો ગમે. એકસરખા ગુણ હોય તેમની ભાઈબંધી થાય.

એક દિવસ તભા ભટ અને ફુસકી મિયાં વાતો કરે છે. વાતમાંથી વાત નીકળી કે હજાર મહેનત કરીએ તોય કશું મળે નહીં. ભગવાન દયા કરે તો પાઈ જેટલી મહેનતમાં લાખ રૂપિયાનો લાભ થાય.

ફુસકી મિયાં બોલ્યા : "ભલે ને પાઈની મહેનતમાં લાખ રૂપિયા મળે, પણ મહેનત તો કરવી જ પડે ને? મફતમાં ભગવાન કશું આપી દેતા નથી ને? મહેનત કરે તેને આપે."

તભા ભટ કહે કે : "મફતમાંય આપે, પણ એવું આપણું મન ચોખ્ખું જોઈએ."

ફુસકી મિયાં કહે : "એવું કદી બન્યું છે?"

ભટજી કહે : "હજારો વાર બન્યું છે. અમારા નરસિંહ મહેતા હતા."

ફુસકી મિયાં કહે : "પેલા જૂનાગઢવાળા? હૂંડીવાળા કે બીજા?"

તભા ભટ કહે : "હા હા, એ જ. તેમણે સાચા મનથી ભગવાનની પ્રાર્થના કરી કે ઉનાળામાં વરસાદ વરસ્યો. તેમની દીકરી કુંવરબાઈનું મામેરું ભગવાન આપી ગયા. મન સાચું જોઈએ. સાચા મનથી જે માગો એ પ્રભુ આપે."

આમ ઘણી વાતો થઈ. વાતો કરીને મિયાં પોતાના ઘરે ગયા. રાત પડી.



ફુસકી મિયાં ખાટલામાં સૂતા. અમુબીબીએ દીવો હોલવી દીધો. ફુસકી મિયાંને વાત સાંભરી આવી. ખાટલામાં એકદમ બેઠા થઈ ગયા અને અમુબીબીને કહ્યું : "દીવો ફરીને સળગાવો. એક કામ રહી ગયું."

બીબી કહે : "કામ સવારે કરજો. અત્યારે હવે ઊંઘવાનું."

ફુસકી મિયાં બોલ્યા : "આ કામ અત્યારનું છે."

બીબી કહે : "શું કામ છે?"

ફુસકી મિયાં કહે : "ભગવાનની પરીક્ષા કરવી છે."

આ વાત સાંભળીને અમુબીબીને નવાઈ લાગી. રીસ પણ ચડી.

અમુબીબીએ કહ્યું : "ગાંડી વાતો કરો નહીં. ઊંઘી જાઓ. ભગવાનની પરીક્ષા વળી કેવી?"

ફુસકી મિયાં બોલ્યા : "તભા ભટ કહેતા હતા કે સાચા મનથી ભગવાનની પ્રાર્થના કરીએ તો માગીએ તે ભગવાન આપે. અત્યારે છે રાતની શાંતિ. સાચા મનથી અમે ભગવાનને પ્રાર્થના કરીશું. વાત સાચી હશે તો અમારી પ્રાર્થના ભગવાન સાંભળશે."

અમુબીબી હસ્યાં અને બોલ્યાં : "આવી ગાંડીઘેલી વાતો ના કરીએ. શાની પ્રાર્થના તમારે કરવી છે?"

મિયાં બોલ્યા : "અમારે લાખ-બે લાખ રૂપિયા નથી જોઈતા. ફક્ત એક જ હજાર રૂપિયા ભગવાન આપે. બસ, તો ભગવાન સાચા."



અમુબીબી કહે : “આવો બકવાસ કરશો નહીં. માથે ઓઢીને સૂઈ જાઓ.”

પણ એમ ફુસકી મિયાં માને એવા નથી. એક વાત મનમાં આવી એટલે એમ કરે જ. અમુબીબીને કહે છે કે દીવો સળગાવો ને સળગાવો.

અમુબીબીએ કહ્યું : “એમાં દીવાની જરૂર નથી. આંખો મીંચીને અંધારામાંય ભગવાનની પ્રાર્થના થાય. ન થાય તો કંઈ નહીં. એમ ને એમ સૂઈ જાઓ.”

ફુસકી મિયાં ચિડાઈ ગયા. કહે કે તો અમે અંધારામાં પ્રાર્થના કરીશું. ભગવાન સાચા હશે તો અમારી પ્રાર્થના સાંભળશે. અમે તો સાચા મનથી પ્રાર્થના કરવાના છીએ. તરત જ ફુસકી મિયાં પલાંઠી વાળીને બેસી ગયા. આંખો મીંચી લીધી. હાથનો ખોબો વાળીને પ્રાર્થના કરવા માંડ્યા.

‘હે ભગવાન! હે મારા ખુદા! દિલથી આપને આજ પ્રાર્થના કરું છું. વધારે નહીં પણ પૂરા એક હજાર રૂપિયા રોકડા મને આપો. બસ, એટલી જ આપને મારી પ્રાર્થના છે. હે ભગવાન! આટલી પ્રાર્થના સાંભળજો.’

અમુબીબીને ઘણી રીસ ચડી, પણ ફુસકી મિયાંને વધારે કંઈ કહેવાય નહીં.

ધીરેથી અમુબીબી બોલ્યાં : “રાતની વેળામાં આવો બકવાસ ન કરાય. કોઈ સાંભળે તો મૂરખા ગણે. આપણે હજાર રૂપિયાની કશી જરૂર પણ નથી.”

ફુસકી મિયાં બોલ્યા : “તું ઊંઘી જા ને ભઈ! હજાર રૂપિયાની તો ખરેખરી જરૂર છે. આટલા દિવસથી મહેનત કરીએ છીએ, પણ પૂરા એક હજાર રૂપિયા એકઠા થયા નથી. જોઈએ તો ખરા કે હજાર રૂપિયા ભગવાન આપે છે કે નહીં! અમારે એ જ જોવું છે.”



અમુબીબી ચૂપ થઈને ઊંઘી ગયાં. વધારે કંઈ કહે તો ફુસકી મિયાંને રીસ ચડે. ફુસકી મિયાં પણ ઊંઘી ગયા. રાત વીતી ગઈ. દિવસ પણ પૂરો થયો. વળી પાછી બીજા દિવસની રાત પડી. સૂવાનો સમય થયો. ફુસકી મિયાં ખાટલા પર બેઠા. આંખો મીંચી અને પ્રાર્થના બોલવાની તૈયારી કરી.


અમુબીબી બોલ્યાં : "પ્રાર્થના કરવી હોય તો ભલે કરજો, પણ ધીરે ધીરે બોલજો. કોઈ સાંભળે નહીં એમ બોલજો. કોઈ સાંભળશે તો મૂરખા ગણશે."

ફુસકી મિયાં રીસ ચડાવીને બોલ્યા : "અમે કોઈથી બીતા નથી, અમે કોઈથી ડરતા નથી. હા, અમે સિપાઈબચ્ચા! જોરજોરથી શું પણ જોરનાય જોરથી અમે બોલીશું, બૂમો પાડીશું."

આમ બોલીને ફુસકી મિયાંએ આંખો બંધ કરીને હાથનો ખોબો વાળ્યો અને માંડ્યા બોલવા. તાનમાં આવી ગયા એટલે જરા વધારે જોરથી બોલવા લાગ્યા : 'હે ભગવાન! ઓ અમારા ખુદાતાલા! અમે કાલે પ્રાર્થના કરી હતી, પણ એ તમે સાંભળી નથી. આજ ફરીને પ્રાર્થના કરીએ છીએ કે વધારે નહીં પણ એક હજાર રૂપિયા અમને આપો. બસ, એથી વધારે એક પાઈ પણ અમારે જોઈતી નથી. સોએ સો ટકા સાચા મનથી અમે આ પ્રાર્થના કરીએ છીએ.'

પાડોશમાં દલાશેઠ આજ જાગતા હતા. તેમણે ફુસકી મિયાંની પ્રાર્થના સાંભળી. પ્રાર્થના સાંભળીને નવાઈ પામી ગયા. શેઠાણીને કહ્યું : "કંઈ સાંભળ્યું?"

શેઠાણી કહે : "હોવે. એ મિયાં એવું શું બોલતા હતા? બે-ચાર દિવસથી રોજ રાતે બોલે છે."



દલાશેઠ હસ્યા અને બોલ્યા : "મૂરખાઈની વાત. અમે નહોતા કહેતા કે મૂરખો છે. એવાની સાથે તે વળી ઓળખાણ કરાતી હશે? મૂરખો તે મૂરખો, પણ સાથે ભગવાનનેય મૂરખા સમજે છે. એમ ભગવાન કોઈને રૂપિયા આપી દેતા હશે? અને એ પણ રોકડા રૂપિયા એક હજાર પૂરા."

શેઠાણી બોલ્યાં : "બિચારો ભોળો લાગે છે."

દલાશેઠ બોલ્યા : "ભોળો નથી પણ મૂરખો છે. એવા માણસો મૂરખા તો હોય છે, પણ પાછા પૂરા ભોટ હોય છે. જોઈ ને તેની મૂરખાઈ? અમે કહીએ તે ઠીક જ કહીએ."

આમ વાતો કરીને દલાશેઠ અને શેઠાણી પણ ઊંઘી ગયાં. સવાર પડ્યું. દિવસ માંડ્યો વીતવા. સાંજ થઈ અને રાત પણ આવી. જમી-પરવારીને લોકો માંડ્યા ઊંઘવા. આજ ફુસકી મિયાંને જરા મોડું થઈ ગયું. ઠાકોરને ત્યાં વધારે વાર થઈ. દલાશેઠને ઊંઘ નથી આવતી.

શેઠાણી કહે : "શીદ જાગો છો? ઊંઘો ને!"

દલાશેઠ જરા મોં મલકાવીને બોલ્યા : "પેલા મૂરખાની પ્રાર્થના સાંભળવી છે. જરા ગમ્મત થાય છે. મફતની ગમ્મત મળે છે એ શીદ ગુમાવવી?"

શેઠાણી બોલ્યાં : "મફતની ગમ્મતમાં મફતની ઊંઘ શીદ ખોવી?"

હસીને શેઠ બોલ્યા : "ઊંઘના ક્યાં પૈસા આપવા પડે છે! પણ આવી ગમ્મત ક્યારેક જ મળે છે."




ત્યાં ફુસકી મિયાંનો બોલ સંભળાયો. દલાશેઠ રાજી રાજી થઈ ગયા અને શેઠાણીને કહ્યું : “દોડ દોડ. ઝટ આવ. ભીંતે કાન રાખ, જો! મૂરખો આજ નવું કંઈ બોલે છે કે એનું એ?”

શેઠાણી દોડતાં આવ્યાં. દલાશેઠ અને શેઠાણી કાન દઈને સાંભળવા લાગ્યાં. મિયાં ફુસકી અને દલાશેઠના ઘર વચ્ચે એક જ ભીંત હતી. તેથી મિયાંના ઘરમાં વાતો થાય એ દલાશેઠના ઘરમાં સંભળાતી.

ફુસકી મિયાં પ્રાર્થના કરવા માંડ્યા : ‘હે ભગવાન! આજ ત્રીજો દિવસ છે. બે દિવસ સુધી અમે વિનંતી કરી, પણ હજી તમે સાંભળી નથી. અમારા તભા ભટ કહેતા હતા કે તમારે ત્યાં ધનના ભંડાર ભર્યા છે. કોઈની ઉપર પ્રસન્ન થાઓ છો તો લાખ્ખો રૂપિયા આપી દો છો. અમારે તમારા લાખ રૂપિયા નથી જોઈતા. ફક્ત હજાર રૂપિયા જોઈએ છે. અમે સો ટકા સાચા મનથી આ પ્રાર્થના કરીએ છીએ. હવે તમને છેલ્લે વાત કહીએ છીએ કે કાલે અને પરમ દિવસે અમે તમને પ્રાર્થના કરીશું. ત્રીજા દિવસે જો એક હજાર રૂપિયા નહીં મળે તો અમે સમજીશું કે લોકો ગપ મારે છે. તમે બહુ દયાળુ છો અને સાચા મનથી પ્રાર્થના કરે તેને માગે એ આપો છો એ બધી વાત ખોટી છે એમ અમે આખા ગામમાં કહીશું. હા, અમે સિપાઈબચ્ચા! કહીએ એમ જ કરીએ. મને હા, એક હજાર રોકડા ના આપવા હોય તો સો સો રૂપિયાની નવ નોટ આપજો અને સો રૂપિયા રોકડા આપજો.’

આટલું બોલીને ફુસકી મિયાં ચૂપ થઈ ગયા. દલાશેઠ રાજી રાજી થઈ ગયા. મફતની ગમ્મત ભારે મીઠી લાગી.




દલાશેઠે શેઠાણીને કહ્યું : “લે જો, થઈ ને ગમ્મત? આવી ગમ્મત રૂપિયા ખરચીએ તોય મળે નહીં! કેવો મૂરખો છે એ ફુસકિયો!”

વળી એક નવી વાત બોલ્યા કે આજથી ત્રીજા દિવસે રૂપિયા નહીં મળે તો પોતે ભગવાનના અવગુણ ગાશે. વાહ સિપાઈબચ્ચા વાહ! તારી પણ જોડ ન મળે. આમ રાજી થતા દલાશેઠ સૂતા. વળી રાત વીતી અને દિવસ ઊગ્યો. દિવસ ગયો ને વળી રાત આવી. સૂવાનો સમય થયો. દલાશેઠ રાહ જોઈને જ બેઠા કે ક્યારે મિયાં ફુસકી ભગવાનની પ્રાર્થના બોલે અને ક્યારે એ સાંભળીએ! ત્યાં તો ફુસકી મિયાંએ પ્રાર્થનાનો આરંભ કરી દીધો.

મિયાં ફુસકી પ્રાર્થના કરવા માંડ્યા કે દલાશેઠે શેઠાણીને બૂમ પાડી. હસું હસું થઈ ગયા અને બોલ્યા : “અલી દોડ, ઝટ આવ. પેલો મૂરખો બોલવા માંડ્યો.”

શેઠાણી દોડી આવ્યાં. ભીંતે કાન દઈને માંડ્યાં સાંભળવા.

ફુસકી મિયાં બોલ્યા : ‘હે ભગવાન! આજ છેલ્લાનો પહેલો દિવસ છે. કાલે છેલ્લો દિવસ. પછી અમે તમને પ્રાર્થના કરવાના નથી અને તમારું નામ પણ લેવાના નથી. આજ ચાર-ચાર દિવસથી અમે પ્રાર્થના કરીએ છીએ અને તમે સાંભળતા જ નથી? સાચેસાચા મનથી અમે પ્રાર્થના કરી રહ્યા છીએ. તમે એવા તે કેવા લોભિયા કે એક હજાર રૂપિયા આપતાં જીવ બગાડો છો? તમને એમ હશે કે રૂપિયા આપશો એટલે અમે વધારે માગીશું. પણ એવા લોભિયા અમે નથી. હા, અમે સિપાઈબચ્ચા. બોલીએ એમ જ કરીએ. સાચા તો એવા કે સો ટકા. અમે સોગન ખાઈને કહીએ છીએ કે પૂરેપૂરા એક હજાર રૂપિયા આપશો તો જ લઈશું.



એક પણ રૂપિયો વધારે આપશો તોય નહીં લઈએ અને એક રૂપિયો ઓછો આપશો તોય નહીં લઈએ. જાઓ એ અમારી ટેક છે. હવે કાલનો દિવસ અમે પ્રાર્થના કરીશું. પછી નહીં આપો તો તમારું નામ લેવાના નથી. બસ, આટલી વાત યાદ રાખજો. આપવા હોય તો પૂરા એક હજાર રૂપિયા આપજો, એક પણ ઓછો હશે તો ફેંકી દઈશું.'

મિયાં ફુસકી આમ બોલી રહ્યા કે ખીખીખી કરતા દલાશેઠ હસ્યા અને શેઠાણીને કહ્યું : "જોયું ને! છે ને મૂરખાનો અવતાર! આજ વળી બીજી નવી વાત કરી કે એક રૂપિયો વધારે આપે તોય નહીં લે અને ઓછો આપે તોય નહીં લે. પૂરા એક હજાર લેશે."

શેઠાણી બોલ્યાં : "એ તો બધી ડંફાસ. ઓછો આપે તોય તેનું શું જાય છે? વધારે આપે તો તેને શું ખોટું છે?"

દલાશેઠ બોલ્યા : "ના, એમ ન હોય. આવા મૂરખાઓ ભારે અક્કડ હોય છે. જે બોલે એ જ કરે."

શેઠાણી કહે : "એવા મૂરખા કોઈ ન હોય કે મળેલો લાભ છોડી દે. ભલે ને બે-પાંચ ઓછા આપે."

દલાશેઠ કહે : "મારી વાત સો ટકા સાચી છે. આ સિપાઈબચ્ચો બડો મૂરખ છે. તું કહે તો ગમ્મત કરું."

શેઠાણી કહે : "આપણે કશી ગમ્મત કરવી નથી. ગમ્મત તો એની મેળે થઈ રહી છે."



શેઠ કહે : “ના ના, આ ગમ્મત મજાની છે. સરસ ઉપાય સૂઝી ગયો છે. બડી મજા થશે. મફતમાં હસવાનું મળશે.”

શેઠાણી કહે : “શું?”


દલાશેઠ કહે : “રોકડા નવસો અને નવ્વાણું રૂપિયાની પોટલી બાંધીને મિયાંના ઘરમાં નેવે લટકાવી દઉં. સવારમાં ઊઠશે એટલે રૂપિયાની પોટલી જોશે. તે મૂરખો સમજશે કે ભગવાને રૂપિયા આપ્યા. પછી તે રૂપિયા ગણશે. રૂપિયા નવસો નવ્વાણું થશે. તેણે એક પણ રૂપિયો ઓછો નહીં લેવાના સમ ખાધા છે. નવસો નવ્વાણું રૂપિયા નીકળશે એટલે નહીં લે. ત્યારે બંદા જઈને કહેશે કે એ રૂપિયા તો અમે બાંધ્યા હતા. એટલે તે રૂપિયા નક્કી ફળીમાં ફેંકી દેવાનો. બંદા એ ઉઠાવી લેશે. પછી બડી ગમ્મત થશે.”

શેઠાણી કહે : “આપણે એવી ગમ્મત નથી કરવી. રૂપિયા મળે એટલે મૂરખો પણ ડાહ્યો થઈ જાય. મફતમાં નવસો નવ્વાણું રૂપિયા મળે તો શા માટે ન લે?”

શેઠ બોલ્યા : “ભઈ, તું નથી સમજતી. મૂરખાઓની વાત અમે જાણીએ છીએ. નવસો નવ્વાણું રૂપિયા તે કદી નહીં લે. તેને પૂરા હજાર લેવા છે. ભારે મઝાની ગમ્મત થશે.”

શેઠાણી કહે : “આપણે ગમ્મત નથી કરવી. તેને મૂરખા બનાવતાં આપણે મૂરખા બનીએ છીએ.”

દલાશેઠ બોલ્યા : “ના ભઈ, એમ નહીં બને. અમને મજાની ગમ્મત સૂઝી છે. કરી જોવા દે. ભારે મજા આવશે.”



શેઠાણી તો ના–ના કહેતાં રહ્યાં અને દલાશેઠે તિજોરી ઉઘાડી. નવસો નવ્વાણું રૂપિયા રોકડા ગણ્યા. એક રેશમી રૂમાલ હતો એ રૂમાલમાં સો-સો રૂપિયાની નવ નોટ મૂકી અને નવ્વાણું રોકડા રૂપિયા બાંધ્યા. ફળીમાં આડી એક વંડી જ હતી. ખાટલો ઊભો કરીને પોતે વંડી ઉપર ચડી ગયા. ત્યાં રહીને ફુસકી મિયાંના ઘરના નેવે રૂપિયાની પોટલી બાંધી દીધી.


ભારે આનંદથી નીચે ઊતરી ગયા. રાત માંડી વીતવા. સવાર થવાની તૈયારી થઈ. દલાશેઠ વહેલા જાગી ગયા. વંડી પાસે જઈને ઊભા રહ્યા. ફુસકી મિયાં જાગીને શું કરે એ જાણવા એકતાન બની ગયા. ફુસકી મિયાં જાગ્યા. ઘરમાંથી બહાર નીકળ્યા. ત્યાં નેવે પોટલી લટકતી જોઈ.

ફુસકી મિયાંએ બીબીને બૂમ પાડીને પૂછ્યું : “આ પોટલી શાની લટકાવી રાખી છે?”

બીબી કહે : “અમે કોઈ પોટલી લટકાવી નથી.”

ફુસકી મિયાં બોલ્યા : “ત્યારે આ પોટલી શાની લટકે છે?”

આમ બોલીને ફુસકી મિયાં પોટલી નજીક ગયા. ધીમેથી પોટલીને અડક્યા તો અંદર ગોળ ગોળ રૂપિયા જેવું કંઈ લાગ્યું. ધીમેથી પોટલીને ટપલી મારી તો રૂપિયા ખખડ્યા. એકદમ ફુસકી મિયાં આનંદમાં આવી ગયા. રૂપિયાની પોટલી છે એ જાણ્યું કે ફુસકી મિયાંએ બીબીને બૂમ પાડી : “ઝટ દોડ.”



બીબી દોડતાં આવ્યાં.

ફુસકી મિયાં રૂપિયાની પોટલી પકડીને ઊભા હતા.

બીબી કહે : "શું છે?"

ફુસકી મિયાં હસતાં હસતાં બોલ્યા : "જો ને આ પોટલી!"

બીબી નવાઈથી બોલ્યાં : "આ શાની છે પોટલી?"

ફુસકી મિયાં મોજથી બોલ્યા : "એ આપ્યા અમારા ખુદાતાલાએ. ભગવાનની વાતો ખોટી ના હોય. અમને તું મૂરખ કહેતી હતી ને! લે, ભગવાને આપ્યા ને? પ્રાર્થના કરી હતી. પૂરા એક હજાર રૂપિયા રોકડાની આ પોટલી છે."

દલાશેઠ ઊભા ઊભા વાત સાંભળી રહ્યા છે. વાત સાંભળીને કહ્યું : "જો, સાંભળ એ મૂરખાની વાત. જોજે, હવે કેવી ગમ્મત થાય છે! હમણાં રૂપિયા ગણશે અને નવસો નવ્વાણું થશે. એટલે ફળીમાં ઘા કરી દેશે. બંદા જઈને લઈ આવશે."


ત્યાં તો ફુસકી મિયાં બોલ્યા : "લો બીબી! રૂપિયાની પોટલી પેટીમાં મૂકી દો."

આ વાત સાંભળતાં જ દલાશેઠનું મોઢું ઊતરી ગયું.

શેઠાણી બોલ્યાં : "લો જોઈ લો અને મૂરખો થઈ ગયો ને ડાહ્યો! હવે જાઓ રૂપિયા લેવા. પૂરા નવસો નવ્વાણું ગયા."

ત્યાં ફુસકી મિયાં બોલ્યા : "અલ્યા હા, રૂપિયા તો આપણે ગણ્યા નહીં. લાવ જરા ગણી જોઈએ. ભગવાને પૂરા એક હજાર આપ્યા હશે."

આ વાત સાંભળતાં જ દલાશેઠ હસી પડ્યા અને શેઠાણીને કહ્યું : "જો, અમારી વાત ખોટી ન હોય. તે મૂરખો રૂપિયા ગણ્યા વિના રહે જ નહીં. હવે છાનીમાની સાંભળ કે શું થાય છે!"



ફુસકી મિયાંએ પોટલી છોડી. રૂપિયા માંડ્યા ગણવા : એક, બે, પાંચ, પચીસ, પચાસ, પંચાણું, અઠ્ઠાણું અને નવ્વાણું. અને નવ્વાણું... રૂપિયા નીચેથી સો સો રૂપિયાની નવ નોટો નીકળી.

નવસો રૂપિયાની નવ નોટ અને નવ્વાણું રૂપિયા રોકડા થયા કે ફુસકી મિયાં ચિડાઈ ગયા. લમણે હાથ દઈને બેસી ગયા.

બીબી કહે : "શું થયું?"


મિયાં બોલ્યા : "ભગવાને અમારી મશ્કરી કરી."

બીબી બોલ્યા : "શાની મશ્કરી?"

મિયાં કહે : "પૂરા એક હજારને બદલે નવસો નવ્વાણું રૂપિયા આપ્યા છે! ભગવાનને એમ હશે કે રૂપિયા જોઈને ફુસકી મિયાં લલચાઈ જશે અને એક ઓછો રૂપિયો હશે તો પણ લઈ લેશે, પણ અમે એમ લલચાઈએ એવા નથી. હા, અમે સિપાઈબચ્ચા! મોઢેથી બોલ્યા છીએ એમ જ કરવાના. પૂરા હજાર રૂપિયા આપે તો જ લેવાના છે. આ નવસો નવ્વાણું રૂપિયા અમારે ના જોઈએ. ફેંકી દઈશું... દૂર."

આમ કહીને ફુસકી મિયાં રૂપિયાની પોટલી ફેંકી દેવા તૈયાર થયા. દલાશેઠના આનંદનો કોઈ પાર રહ્યો નથી. મોઢું હસું હસું થઈને ફૂલી ગયું.

શેઠાણીને કહ્યું : "લે, જોયું ને? અમારી વાત સો ટકા સાચી નીકળી ને? નવસો નવ્વાણું રૂપિયા આ મૂરખા મિયાંજી લેશે નહીં. હવે પોટલી ફેંકી દેશે."



ત્યાં બીબી બોલ્યાં : "એમ ફેંકી ન દેવાય. ભગવાને જેટલા આપ્યા એટલા લઈ લઈએ."

ફુસકી મિયાં બોલ્યા : "ના ના, અમે જૂઠા નથી. ભગવાને અમારી પરીક્ષા કરવા પૂરા હજારમાં એક રૂપિયો ઓછો એટલે નવસો નવ્વાણું રૂપિયાની પોટલી બાંધી છે, ભગવાનને એમ કે મિયાં ફુસકી જૂઠો, પણ અમે કદી જૂઠું ના કહીએ. હા, અમે સિપાઈબચ્ચા."


આમ કહીને રૂપિયાની પોટલી ફેંકી દેવા મિયાં તૈયાર થયા.

ત્યાં બીબી બોલ્યાં : "ફરી વાર ગણી જુઓ. કદાચ ગણવામાં ભૂલ થતી હશે."

દલાશેઠ મોઢું બગાડીને શેઠાણીને કહે છે : "આ બીબી બહુ દોઢડાહી છે. બિચારો મિયાં સાચું કહે છે એમાં ડખલ કરે છે."

ફુસકી મિયાંએ ફરી વાર રૂપિયા ગણવા માંડ્યા. તો એ નવસો નવ્વાણું પૂરા જ થયા. એકદમ રીસ કરીને ફુસકી મિયાંએ રૂપિયાની પોટલી બાંધી દીધી. હાથમાં લઈને ઊભા થયા. ફળીમાં પોટલી ફેંકી દેવા જાય છે કે એકદમ અટકી ગયા. દલાશેઠ રાહ જોઈ રહ્યા છે કે પોટલી ફેંકી દે કે તરત જ પોતે દોડી જાય.

જરા અટકી ગયા. એક વાત મનમાં આવી કે ફુસકી મિયાંએ બીબીને કહ્યું : "લે, આ પોટલી મૂકી દે પેટીમાં. ભગવાને વિચાર કરીને જ નવસો નવ્વાણું રૂપિયા આપ્યા છે. ભગવાનનો હિસાબ સાચો."




બીબી કહે : “તો બસ, ખુદા જે આપે એ લઈ લેવું.”

ફુસકી મિયાંએ પોટલી બીબીને આપી દીધી.

દલાશેઠ દોડી જવાની તૈયારીમાં હતા કે ઠંડાગાર બની ગયા.

શેઠાણી બોલ્યાં : “લો, કરો ગમ્મત. અમે નહોતાં કહેતાં કે રૂપિયા જોઈને ગાંડો પણ ડાહ્યો થઈ જાય. મૂરખા મિયાંએ નવસો નવ્વાણું રૂપિયા પેટીમાં મૂકી દીધા ને?”



દલાશેઠ દાંત કટકટાવીને બોલ્યા : “તારી જાતનો મૂરખો! બડો ચતુર બની ગયો!”

શેઠાણી કહે : “બને જ ને! તમારા જેવા કોઈ મૂરખા ન હોય કે હાથે કરીને નુકસાન માથે લઈ લે. કરો હવે ગમ્મત. થઈ ને તમારી ગમ્મત? ના કહીએ તોય ના માને. હવે ઊભા ઊભા રડો.”

દલાશેઠ કહે : “રડે શું કરવા?”

શેઠાણી કહે : “ત્યારે શું કરશો?”

દલાશેઠ કહે : “હમણાં જ જઈને કહું છું કે એ પોટલીમાં રૂપિયા અમે બાંધ્યા હતા.”



શેઠાણી કહે : “એ વાત હવે એ ડાહ્યો મિયાં માનશે નહીં.”

દલાશેઠ કહે : “ના કેમ માને! જોઈ લેજે ને!”